# સુરત મહાનગરપાલિકા

(Visit us at www.suratmunicipal.gov.in)

## જા હે રા ત

સુરત મહાનગરપાલિકામાં  નીચે જણાવેલ ખાલી પડેલ જગ્યાઓ માટે નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર તા.૧૪/૦૭/૨૦૧૭ સુધીમાં પહોંચે તે રીતે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) | **(૧૩૩) રેડીયોલોજીસ્ટ (બીજો પ્રયાસ) સંખ્યા– ૧(બિનઅનામત–૦૧)** |
| લાયકાત | એમ.ડી. રેડીયોલોજી અથવા ડી.એમ.આર.ઈ. પાંચ વર્ષનો અનુભવ |
| પગારધોરણ | રૂ.8500-14000/- (પે બેન્ડ રૂ.15600-39100, ગ્રેડ પે રૂ. 5400/-)<br>(પે મેટ્રીકસ 56100-177500) |

| | |
|---|---|
| (૨) | **(૧૧૦) ડેપ્યુટી એકાઉન્ટન્ટ સંખ્યા**–૩( અ.જ.જા.–૧, બિનઅનામત–૧, બિનઅનામત (મહિલા)–૧) |
| લાયકાત | બેંકીંગ અથવા એડવાન્સ એકાઉન્ટીંગ અને ઓડીટીંગના ખાસ વિષયો સાથેના કોમર્સ ગ્રેજયુએટ. |
| અનુભવ | કોમર્સ ગ્રેજયુએટ થયા બાદ બેંકીંગ અથવા એકાઉન્ટસ અથવા ઓડીટીંગની સંસ્થામાં ઓછામાં ઓછી બીજી શ્રેણી (સીનીયર કલાર્ક) રૂ.૫૦૦૦–૧૫૦–૮૦૦૦ના પગારધોરણમાં સવેતન કામગીરીનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ.<br>વિન્ડોઝ ઓપરેટીંગ સીસ્ટમ અને કોઈપણ એક ઓફિસ ઓટોમેશન સ્યુટ(જેવા કે MS OFFICE, LOTUS SMARTSUITE, STAR OFFICE etc.) નો એક વર્ષનો અનુભવ.<br>ઈન્ટરનેટ ધ્વારા ઈમેલ સર્ચ તેમજ બ્રાઉર્સીગની જાણકારી વિગેરેના અનુભવીને અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ઉમેદવારની ઉમર ૨૫ વર્ષ  અને વધુમા વધુ ૩૫ વર્ષ, |
| પગારધોરણ | રૂ.8000-13500. (પે બેન્ડ રૂ.15600-39100, ગ્રેડ પે રૂ. 5400/-)<br>(પે મેટ્રીકસ 56100-177500) |

| | |
|---|---|
| (૩) | **(૧૭૯)ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (બીજો પ્રયાસ )સંખ્યા–૧   (સા.શૈ.પ.વ.–૧)** |
| લાયકાત | (૧)શૈક્ષણિક લાયકાતઃમાન્ય વિદ્યાપીઠના કેમેસ્ટ્રી અને ફીઝીકસ સાથે બી.એસ.સી. અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર ધ્વારા ચાલતો ડીવીઝનલ ઓફિસર્સ કોર્ષ પાસ કરેલો હોવો જોઈએ.<br>(૨)અનુભવ :ફાયર સેવાને લગતી કેડરમાં કામગીરીનો કુલ્લે ૧૦ વર્ષનો અનુભવ, જે પૈકી ડીવીઝનલ ઓફિસર્સ કોર્ષ પાસ કર્યા બાદ ત્રણ વર્ષનો ઓછામાં ઓછો અનુભવ.<br>(૩)શારીરિક યોગ્યતા : ઉંચાઈ : ૧૬૫ સેન્ટીમીટર<br>વજન  : ૫૦ કિલોગ્રામ<br>છાતી  : સામાન્ય ૮૧ સે.મી. અને ફુલાવેલી ૮૬ સે.મી.<br>(૪) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવતા હોવા જોઈએ. |
| વયમર્યાદા | વધુમાં વધુ ૪૮ વર્ષ, |
| પગારધોરણ | રૂ.8000-13500. (પે બેન્ડ રૂ.15600-39100, ગ્રેડ પે રૂ. 5400/-)<br>(પે મેટ્રીકસ 56100-177500) |

| | |
|---|---|
| (૪) | **(૧૮૩)મેનેજર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ  સંખ્યા– ૧(બિનઅનામત–૧)** |
| લાયકાત | બી.ઈ.(સીવીલ) એમ(ટેકની) એમ.ઈ. (પબ્લીક હેલ્થ એન્જી) અને તે પાસ કર્યા બાદ  ઓછામાં ઓછો ૭ વર્ષની નોકરીનો અનુભવ.<br>અથવા<br>બી.ઈ.(મીકે.) અને  તે પાસ કર્યા બાદ  ઓછામાં ઓછી ૧૦ વર્ષની કામગીરી/નોકરીનો અનુભવ, જે પૈકી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેનો ૬ વર્ષનો અનુભવ હોવો જરૂરી. |
| પગારધોરણ | રૂ.8000-13500. (પે બેન્ડ રૂ.15600-39100, ગ્રેડ પે રૂ. 5400/-)<br>(પે મેટ્રીકસ 56100-177500) |

| | |
|---|---|
| (૫) | **(૧૪૨)જુનીયર એનેસ્થેટીસ્ટ  સંખ્યા– ૧(સા.શૈ.પ.વ.–૦૧)** |
| લાયકાત | એમ.બી.બી.એસ. ડી.એ. |
| પગારધોરણ | રૂા.8000-13500. (પે બેન્ડ રૂા.15600-39100, ગ્રેડ પે રૂા. 5400/-)<br>(પે મેટ્રીકસ 56100-177500) |

| | |
|---|---|
| (૬) | **(૧૦૫)આકારણી અને વસુલાત અધિકારી સંખ્યા–૧(સા.શૈ.પ.વ.(મહિલા)–૧)** |
| લાયકાત | માન્ય વિદ્યાપીઠના  વિજ્ઞાન, વાણિજય– વિનયન પૈકી ગમે તે એક વિદ્યાશાખામાં સ્નાતક તેમજ કાયદાના સ્નાતક.<br>**અનુભવ:** નગરપાલિકા અથવા મહાનગરપાલિકાના કામનો ઓછામાં ઓછો આઠ વર્ષનો અનુભવ.<br>**અગર**<br>સરકારી અથવા અર્ધસરકારી ખાતામાં આકારણી કામોનો અથવા અપીલનાં કામનો અથવા ટેક્ષેસનના કામનો ઓછામાં ઓછો આઠ વર્ષનો અનુભવ. |
| વયમર્યાદા | ૪૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | રૂા. 8000-13500. (પે બેન્ડ 15600-39100/-, ગ્રેડ પે 5400) |

| | |
|---|---|
| (૭) | **(૧૯૯) આસીસ્ટન્ટ ઈજનેર(મીકેનીકલ) સંખ્યા–૮**<br>(અ.જ.જા–૧,સા.શૈ.પ.વ.–૨, બિનઅનામત–૪, બિનઅનામત(મહિલા–૧) |
| લાયકાત | બી.ઈ.(મીકેનીકલ) |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહી. |
| પગારધોરણ | રૂા.8000-13500. (પે બેન્ડ રૂા.15600-39100, ગ્રેડ પે રૂા. 5400/-)<br>(પે મેટ્રીકસ 56100-177500) |

| | | |
|---|---|---|
| (૮) | **(૧૩૭)રેસીડેન્ટ મેડીકલ ઓફીસર(અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ)**<br>સંખ્યા–૭ (અ.જા.–૧,અ.જ.જા–૨,અ.જ.જા.(મહિલા)–૧,સા.શૈ.પ.વ.–૨,સા.શૈ.પ.વ.(મહિલા)–૧) | |
| લાયકાત | એમ.બી.બી.એસ., ડી.જી.ઓ. | રૂા.૮૦૦૦–૨૭૫–૧૩૫૦૦/– ( પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/–) ના પગારધોરણમાં ૨(બે) એડવાન્સ ઈન્ક્રીમેન્ટ વત્તા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. |
| | અથવા | |
| | એમ.ડી.ડી.જી.ઓ/<br>એમ.ડી.(ગાયનેકોલોજી) | રૂા.૮૦૦૦–૨૭૫–૧૩૫૦૦/–(પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦/– ગ્રેડ પે. ૫૪૦૦/–) ના પગારધોરણમાં ૪ (ચાર) એડવાન્સ ઈન્ક્રીમેન્ટ વત્તા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં, | |

| | |
|---|---|
| સૂચના :– | **ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી રજુ કરેલ કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ ગ્રાહય રાખવામાં આવશે નહીં.** |

નોંધઃ– (૧) ક્રમ નં.૧ માટે ખડી સમિતિને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. તેમજ ક્રમ નં.ર થી ૮ માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી  તથા તેના ધ્વારા નિયત કરવામાં આવેલ સ્ટાફ સિલેકશન કમિટી ધ્વારા બેઝીક લાયકાત, રીટર્ન ટેસ્ટ, પ્રેકટીકલ ટેસ્ટ, તેમજ ઓરલ ટેસ્ટના દેખાવના આધારે  જે તે જગ્યા માટે માપદંડ નકકી કરાશે  તે પ્રમાણે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૨) ઉપરોકત જગ્યાઓ  માટેના ઉમેદવારોએ નિયત કરવામાં આવે તે પરીક્ષા માટે   જે જગ્યા સૂચવવામાં આવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે

(૩) ઉમેદવારની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી  તા.૧૪ /૦૭/૨૦૧૭ ને ગણતરીમાં લેવામાં આવશે. સુરત મહાનગરપાલિકામાં કામ કરતા  કર્મચારીઓ માટે આ વયમર્યાદા લાગુ પડશે નહી, અનામત કેટેગરીની જગ્યા માટે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ

આપવામાં આવશે.

(૪) ઉમેદવારે CCC+ પરીક્ષા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૬૭/૨૦૦૮ તા. ૨૪–૦૩–૨૦૦૮ થી નિયત કર્યા મુજબની સંસ્થા ધ્વારા નિમણુંક થયેથી ૧(એક) વર્ષમાં પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય અથવા સુરત મહાનગર પાલિકા ધ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૨૦૦૫–૧૫૩૨–પાર્ટ–૩–ક, તા.૦૧/૦૪/૨૦૧૭ અનુસારની કોમ્પ્યુટર કક્ષાની વિવિધ લાયકાત ધરાવતા હોય તો તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાના રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે જન્મનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર.અથવા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા અપાયેલ પ્રમાણપત્ર

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડીગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ,રજી. સર્ટી.

(૩) જાતિ અંગેના પુરાવા માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪) ઉમેદવાર સા.શૈ.પછાત વર્ગના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું તા.૧–૪–૧૬ ના રોજ કે ત્યારપછી મેળવેલ હોય તેવું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે આવુ પ્રમાણપત્ર જોડેલ ન હશે તો અનામત અંગેના કોઈપણ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) ઉમેદવાર જો વિકલાંગ હોય તો વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) નિયત અનુભવનું પ્રમાણપત્ર.

(૭) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ન વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૮)સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો પરવાનગી હુકમની નકલ બીડવી.

(૯)EPIC કાર્ડની નકલ, આધારકાર્ડની નકલ.

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે. જયારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગત મધ્યસ્થ મહેકમ (રીકૃટમેન્ટ) વિભાગે મેળવવાની રહેશે.

(૭) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૮) માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

(૯) મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે, મહિલા ઉમેદવાર પરણિત હોય પરંતુ મેરેજ સર્ટી, ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાને પાત્ર રહેશે.

(૧૦) મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જે તે કેટેગરીમાં જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૧૧) પ્રેકટીકલ, લેખિત, શારિરીક ક્ષમતા, મૌખિક, પરીક્ષા અંગેનો કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે.

(૧૨) નીચે દર્શાવેલ કારણોસર ઉમેદવાર(અરજદાર)ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)

(૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો સમયગાળો બતાવેલ ન હોય.

(૩) અરજદારે અરજીપત્રકના કોલમ –૧૧ ની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બન્ને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC કે GEN/ST બતાવેલ હોય.

(૪) ઉપરોકત જગ્યાઓ માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય

(૫) અરજદારે અરજીપત્રકના કોલમ નં.૧૦ માં જન્મતારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૬) અરજદાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે લધુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતા ન હોય.

(૭) અરજદાર અરજી સ્વીકારવાની છેવટની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC પુરૂષ/મહિલા મહતમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૮) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય.

(૯) મહિલા ઉમેદવારે પતિના નામ સાથેની અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય.

(૧૧) અરજીપત્રકમાં કેટેગરી કોલમ ૧૧(૩) માં સા.શૈ.પછાત વર્ગ તરીકે અરજી કરેલ હોય અને બિડાણ કાગળોના કોલમ–૧૧ માં ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ ન આપેલ હોય અધુરી દર્શાવેલ હોય અથવા ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૧–૪–૧૬ પહેલાનું રજુ કરેલ હોય તેવી ક્ષતિયુકત અને અધુરી અરજી હોય.

(૧૨) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી કોઈ પરીક્ષા પાસ કરી હોય અને પરવાનગી હુકમની નકલ સામેલ કરેલ ન હોય.

(૧૩) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે

ઉપરોકત ક્રમ નં.૧ થી ૮ વર્ગ–૨ ની જગ્યાઓ માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં રૂા.૫૦/–ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ રૂા.૫૦/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

**નોંધઃ**– ઉપરોકત ક્રમ નં.૧ થી ૮ ની વર્ગ–૨ ની જગ્યા માટેના વિના મૂલ્યે નિયત નમુનાના અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ .www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપુર્ણ વિગતો ભરી જરૂરી પૂરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

**અરજી મોકલવાનું સરનામુ :** – ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫,
પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

સહી/– એમ.થેન્નારસન
**મ્યુનિ. કમિશ્નર,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૧૯૭/૨૦૧૭–૨૦૧૮
તા.૨૨/૦૬/૨૦૧૭.